મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ વાળુ, નાણા મંત્રી- કનુભાઇ દેસાઇ ૩૩૨૪૬૫ કરોડનું બજેટ લઇને આવ્યા છે. સમર્થન કરૂં છું. – ખાસ કરીને ગૃહ વિભાગ માટે મારા મંતવ્યો રજુ કરું છું. એમા પણ ખાસ કાયદોને વ્યવસ્થા.

માન.અધ્યક્ષશ્રી હું મારા વિચારો રજુ કરૂં એ પહેલા આ ગૃહ બધા કાળો–વર્ષોનું સાક્ષી રહયું છે, ત્યાં ભાજપા સરકાર પહેલા ૩૨૦ કરોડનું ગૃહ ખાતાનું બજેટ રજુ થતું હશે. ત્યારે અને આજે ૧૦૩૫૮ કરોડનું બજેટ રજુ થયું છે. એના આ સ્તંભો, આ ખુરશી, દિવાલો સાક્ષી રહ્યું છે. હું તો ઠીક પણ આ નિર્જીવ મુક સાક્ષી રહેલું ગૃહ પણ આને વધાવતું હશે. કયાં ૩૨૦ કયાં ૧૦૩૫૮, ૨૮ વર્ષથી શું કર્યું. લો આ કર્યું. હવે આપ જનતાએ તો મુલવણી કરીને જ અહીંયા ૭ મી વાર બેસાડયા છે.

મને જણાવતા આનંદ થાય છે કે માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના મજબુત નિર્ણાયક અને ન્યાયકિય નેતૃત્વની સરકાર ગૃહ રાજય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા ગુન્હાખોરી માટે ઝીરો ટોલરન્સની નીતિ સાતત્ય ભરી નીતિના સફળ અને સુચારૂં અમલીકરણના લીધે અન્ય રાજયોની સરખામણીમાં પ્રમાણ નહીંવત છે.

રાજયમાં કાયદો વ્યવસ્થાની આંતરીક સલામતીની જાળવણી કરવાની પ્રજાની જાનમાલની રક્ષાની સાથે ગુનાઓની તપાસ, ગુનાખોરોને શોધીને તેમની અટકાયત કરી અદાલતી કાર્યવાહીમાં સજા કરાવવા સુધીની ફરજ ભાજપના શાસનમા જ પોલીસ નિભાવી રહી છે. જે અગાઉ ગુનેખોરોને છાવરવામા ન થતું.

રાજયનો ગૃહ વિભાગ તેમજ પોલીસ બેડાની શિસ્તબધ્ધ કામગીરી અને ફરજ પાલનના લીધે થયું છે. સરકાર સાથે એ પણ અભિનંદનને પાત્ર છે.

જે ગતિએ શ્રી નરેન્દ્રભાઇ, શ્રી અમિતભાઇ અને માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં જે રીતે વિકાસની હરણફાળ ભરી રહયું છે. તે જોતા જાહેર સુલેહ શાંતિ-સલામતી અને સુરક્ષાના પડકારો પણ વધતા જ હોય છે. સાથે વિભાગ દ્વારા આધુનિક શસ્ત્ર, સરંજામ, ટેકનોલોજીકલ ઉપકરણો, ઇન્ફોરમેશન ટેકનોલોજી, અને ફોરેન્સીક વિજ્ઞાનનાં અસરકારક ઉપયોગથી સુલહ શાંતિ જાળવવામાં સફળતા સરકાર મેળવે છે. જે ધ્યાને ન આવે એવી બાબતો હોઇ હું અભિનંદન આપુ છું.

પરિણામોના ઉદાહરણો આપવા માગું છું.

## સગીરાઓ/મહિલાઓ ઉપર થયેલ બળાત્કાર/રેપ વિથ મર્ડરના ચકચારી કેસોની માહિતી

| ક્રમ | પોલીસ સ્ટેશનનું નામ | ગુનાની તારીખ | ચાર્જશીટનો સમય | સજાની વિગત | કોર્ટ કાર્યવાહીનો સમયગાળો |
|---|---|---|---|---|---|
| ૧ | પાંડેસરા | ૦૫/૧૧/૨૦૨૧ | ૧૦ દિવસ | ફાંસીની સજા | ૨૨ દિવસ |
| ૨ | સાંતેજ (ગાંધીનગર) | ૦૬/૧૧/૨૦૨૧ | ૧૦ દિવસ | અંતિમ શ્વાસ સુધી આજીવન કારાવાસની સજા | ૨૬ દિવસ |
| 3 | સચીન જી.આઇ.ડી.સી. | ૧૨/૧૦/૨૦૨૧ | ૯ દિવસ | આજીવન કેદની સજા | ૨૮ દિવસ |
| ૪ | નીલમબાગ (ભાવનગર) | ૧૨/૦૨/૨૦૨૨ | ૨૪ કલાકમાં | આજીવન કારાવાસ સજા | ૫૨ દિવસ |
| ૫ | ગોંડલ | ૦૧/૦૬/૨૦૨૨ | ૧૫ દિવસ | આજીવન કેદની સજા | ૫૩ દિવસ |
| ૬ | અમરોલી | ૦૬/૧૨/૨૦૨૦ | ૪૫ દિવસ | ૨૦ વર્ષની કેદ | ૭૯ દિવસ |
| ૭ | કામરેજ | ૧3/૦૨/૨૦૨૨ | ૯ દિવસ | ફાંસીની સજા | ૮૨ દિવસ |
| ૮ | પુણે | ૧3/૦૪/૨૦૨૨ | ૧૪ દિવસ | મૃત્યુ દંડની સજા | ૯૦ દિવસ |
| ૯ | હજીરા | 30/૦૪/૨૦૨૧ | 3૮ દિવસ | અંતિમ શ્વાસ સુધી આજીવન કારાવાસની સજા | ૬ માસ ૨૦ દિવસ |
| ૧૦ | સલાબતપુરા | ૨3/૦૯/૨૦૨૦ | 3૧ દિવસ | આજીવન કેદની સજા | ૭ માસ |
| ૧૧ | સીંગણપોર | ૦૮/૦૬/૨૦૨૧ | ૨૯ દિવસ | ૨૦ વર્ષની કેદની સજા | ૨૭૧ દિવસ |
| ૧૨ | અમરોલી | ૦૫/૦૬/૨૦૨૦ | ૨૯ દિવસ | ૨૦ વર્ષની સખ્ત કેદ | ૧૦ માસ |
| ૧3 | ખટોદરા | ૧૨/03/૨૦૨૧ | ૨૮ દિવસ | ૭ વર્ષની કેદની સજા | ૧૦ માસ ૨૦ દિવસ |
| ૧૪ | પાંડેસરા | ૦૭/૧૨/૨૦૨૦ | ૧૪ દિવસ | ફાંસીની સજા | ૧૧ માસ |
| ૧૫ | સચીન જી.આઇ.ડી.સી. | ૧૦/૧૨/૨૦૨૦ | ૨૪ દિવસ | આજીવન કેદની સજા | ૧ વર્ષ ૪ માસ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬ | કાપોદ્રા | ૧૩/૦૩/૨૦૨૦ | ૨૫ દિવસ | ૨૦ વર્ષની સખ્ત કેદ અને ૨૫,૦૦૦/દંડની સજા | ૨૧ માસ |
| ૧૭ | સચીન જી.આઇ.ડી.સી. | ૧૬/૧૨/૨૦૧૯ | ૨૫ દિવસ | આજીવન કેદની સજા | ૧ વર્ષ ૧૧ માસ |
| ૧૮ | જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન | ૧૬/૦૩/૨૦૨૧ | ૪૫ દિવસ | ફાંસીની સજા તથા ૫,૦૦૦ રૂપિયા દંડ | ૨૩ માસ ૨૮ દિવસ |
| ૧૯ | સચીન જી.આઇ.ડી.સી. | ૦૯/૦૪/૨૦૧૯ | ૫૫ દિવસ | આજીવન કેદની સજા | ૨ વર્ષ ૧૦ માસ |
| ૨૦ | પાંડેસરા | ૦૬/૦૪/૨૦૧૮ | ૩ માસ | ફાંસીની સજા | ૩ વર્ષ ૭ માસ |
| ૨૧ | પાંડેસરા | ૦૭/૧૨/૨૦૨૦ | ૧૩ તેર દિવસમાં | ફાંસીની સજા | ૩૬૧ દિવસ |
| ૨૨ | સુરત શહેર ચોકબજાર | ૦૭/૧૨/૨૦૨૨ | ૯ દિવસ | ફાંસીની સજા | ૬૯ દિવસ |
| ૨૩ | સચિન પોસ્ટે | ૨૮/૦૨/૨૦૨૩ | ૧૧ દિવસ | ફાંસીની સજા | ૨ માસ ૨૩ દિવસ |
| ૨૪ | ખેડા માતર પોસ્ટે | ૦૧/૦૧/૨૦૨૨ | ૫૨ દિવસ | ફાંસીની સજા અને ૫૦,૦૦૦ હજાર દંડ | ૧ વર્ષ |
| ૨૫ | ખેડા કઠલાલ પોસ્ટે | ૦૩/૦૩/૨૦૨૧ | ૩૮ દિવસ | ફાંસીની સજા અને ૭,૫૦,૦૦૦ હજાર દંડ | ૧૧ માસ ૭ દિવસ |
| ૨૬ | ગાંધીનગર સાંતેજ પોસ્ટે | ૦૪/૧૧/૨૦૨૧ | ૨૫ દિવસ | ફાંસીની સજા | ૧ વર્ષ ૪ માસ ૧૪ દિવસ |
| ૨૭ | બનાસકાંઠા દાંતીવાડા પોસ્ટે | ૧૬/૧૦/૨૦૨૦ | ૫૬ દિવસ | ફાંસીની સજા | ૧ વર્ષ ૪ માસ ૧૧ દિવસ |
| ૨૮ | સુરત ગ્રામ્ય પલસાણા પોસ્ટે | ૨૦/૦૨/૨૦૨૨ | ૪૬ દિવસ | ૦૧ ને ફાંસીની સજા ૦૧ આજીવન કેદ | ૧૧ માસ ૦૯ દિવસ |
| ૨૯ | વલસાડ વાપી ટાઉન પોસ્ટે | ૦૭/૦૨/૨૦૨૦ | ૪૫ દિવસ | મોતની સજા અને ૧૭,૦૦૦ વળતર | ૬ દિવસ જજમેન્ટ |

કોઇ પણ પ્રવર્તમાન નીતિ નિયમમાં સુધારા કરવા ''૫૬'' ની છાતી જોઇએ એ ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમા ભાજપા શાસનમાં ૧૫૬ ની થઇ છે.

ઇ.એફ.આઇ.આર.

મોબાઇલ ચોરી, વાહન ચોરી માટે ઓનલાઇન નકકી થયું. હાલાકીમાંથી બહાર કાઢયા વિમા કંપની પણ F.I.R નો આગ્રહ રાખતા હોય છે. એટલે સમય અને ગ્રાન્ટમાંથી મુકિત મળે છે આથી ભારત સરકારના નાગરિકોને લાભ થયો છે.

માન.અધ્યક્ષશ્રી આપણા ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ દ્વારા વર્ષ-૨૦૨૨ માં લોકાપર્ણ પ્રોજેકટ થયો.

માન.અધ્યક્ષશ્રી સંયોગતો જુઓ આજ ગૃહમાં ગૃહ મંત્રી તરીકે રહયા હોય એ આપણા અમિતભાઇ દેશના ગૃહમંત્રી અહીંયા નરેન્દ્રભાઇના નેતૃત્વમાં અને હવે દેશમાં નરેન્દ્રભાઇના નેતૃત્વમાં કાશ્મીર થી કન્યાકુમારી સુધી જતા અસામાજીક લોકો ફફડે છે.

'' જહાં હુએ બલિદાન મુખર્જી, વો કાશ્મીર હમારા હૈ જો કાશ્મીર હમારા હૈ, વો સારેકા સારા હૈ.''

૩૭૦ ગઇ હવે ૩૭૦ એસ.વાય.પી. આવશે.

<u>સાઇબર ક્રાઇમ નવી જ દિશામાં</u>

૧૯૩૦ હેલ્પલાઇન કાર્યરત જેમા ૩૦ ટેલીફોન લાઇન છે જેથી વ્યસ્ત ફોન ન આવે ૬૦ લોકો આના પર કાર્યરત છે.

૨૦૧૯ થી શરૂ થયેલ આ લાઇમાં આજદિન સુધી ૧૭૦.૪૭ રૂપિયા અરજદારના ખાતામાંથી ઉપડી જતા પહેલા બ્લોક રાખેલ.

૭૨.૪૬ કરોડ રૂપિયા અરજદારોને પાછા અપાવ્યા સાઇબર ક્રાઇમ નિવારણ માટે

૪.૧૫ કરોડના ખર્ચે સી.આઇ.ડી. ક્રાઇમ રાખે, ફોરેન્સીક ટુલ્સ અને અર્ધતન સાયબર ક્રાઇમ ફોરેન્સીક લેબ કમ તાલીમ કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યા છે. જેનો સકારાત્મક લાભ જનતાને થયો છે.

મારે યાદ કરવું પડે કે કોરોના ટાઇમ પોલીસની કામગીરી-જાન જોખમમાં માનવતા - મદદ પોલીસને વાર તહેવારો વરે નહીં આપણી ફરજના હોય છે. ગૃહમાં ગૃહ ખાતાને વંદન કરૂં છું.

માન.અધ્યક્ષશ્રી, આજકાલ ગુજરાતમાં દાદાનું બુલડોઝર અસામાજીક તત્વો પર શ્રી હર્ષ ભાઇ અને એમની પોલીસ બેડાની ટીમ તેમજ વહીવટી તંત્રને કારણે ફરવા લાગ્યું.

દ્વારકા, હર્ષદમાતા, નાવદા, ઝીંઝુડા અને કચ્છી જમીનમાં પણ પોરબંદર – અધ્યક્ષશ્રી આપનો જિલ્લો બનાસકાંઠા પર સરકારી જમીનના કબ્જા વાળા અસામાજીક તત્વો પર ફેરવી દાદા એ શાન ઠેકાણે લાવી પણ ફફડાટ દિલ્હીમા કેટલાક વોટબેંકની રાજનીતિ કરતા લોકોને આવ્યો.

પણ હજુ કહું છું આવા લોકોનો પક્ષ લેનાર પ્રજાને રંજાડનાર તત્વોને વોંટ બેંક અને તુષ્ટીકરણની રાજનીતિ કરનાર લોકો અને ટોળા જેતી જજો રેલો નહી તો આવા લોકોને પણ આવશે છોડશે નહીં દાદાનું બુલડોઝર

# <u>ખાસ મહત્વનું</u>

(૧)

સાહેબ મને કહેતા દુ:ખ થાય છે અગાઉ ગુજરાતના અલગ અલગ નામોથી ઓળખાતુ અમદાવાદ

સ્નેહીશ્રી, સન્માનીય લતીફ ભાઇનું બરોડા, સ્નેહીશ્રી આત્મીયશ્રી રાજુભાઇ રીસાલદારનું સુરત આત્મીય અને પ્રિય શ્રી મોહજમાભાઇ સુરતીનું કચ્છ, આદરણીય ઇભલાભાઇ શોખનું પોરબંદર ફલાણાનું આવા સન્માનથી કોની સરકારમાં બોલાવતા- જેલમાં બેસીને ચૂંટણી જીતે રાજયાશ્રેય કોની સરકાર આપતી હતી. શું હતો કાયદો વ્યવસ્થાની સ્થિતિ કોના બંગલામાં ગુના કરી રોકાતા- સરકારી ગાડીમાં હથિયારોની હેરાફેરી કોની પાર્ટીના લોકો પકડાયાતાં.

(૧) અરે સાહેબ અધ્યશ્રી અમદાવાદમાં જમાલપુરનો હમની ટેકસ, આલમ ટેકસ, ઉધરાવતો હમની આલમખાન પઠાણ જેણે સરકારી જમીન પર બિલ્ડીંગ બાંધી લાખો રૂપિયાનું ભાડું લે.

(૨) મોરબીના ઝીંઝુડામાં કોઠાવાળા પીરની દરગાહના મૌલવી પીરજાદા કહેવાતા બાપુ સમસુદીન હુસેન મીયા, સૈયદના દરગાહની બાજુમાં મૌલવી કહેવાતાના ઘરમાંથી ૭૭૬ કરોડ હેરોઇન ઝડપાય પંજાબમાં જેલમા બેઠો ગેગસર ભરત ભૂષણ મંગાવેલ.

(૩) સુરત શહેરના ડ્રગ્સ માફીયા અલ્લારખા બરફવાલા-ગેરકાયદે મકાન દશેરાના દિવસે તોડી ડ્રગ રૂપી રાવણનો વધ કર્યો.- તેમજ સુરતનો સજજુ કોઠારીના ગેરકાયદે મકાનો તોડી પાડયા.

ભગવાન શ્રી કૃષ્ણ કરુણામવંદે જગતગુરૂના સખાનું જન્મ સ્થળ ''સુદામાપુરી'' તરીકે ઓળખાતો પોરબંદર જિલ્લો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, કસ્તુરબા ગાંધી ઉપરાંત નાનાજી કાલીદાસ મહેતા, દેના બેંકના સ્થાપક પ્રાણલાલ દેવકરણ જેવા અનેક મહાનુભાવોની જન્મભૂમિ એટલે પોરબંદર.

કાળક્રમે કોંગ્રેસની સરકારમાં જુદી જુદી ગેંગો મારામારી, કાપા-કાપી, દાદાગીરી એક સમયે એવી ઓળખ પોરબંદરની ''અહીંયા કાયદો અને વ્યવસ્થાની હદ પુરી થાય છે. અને પોરબંદરની હદ શરૂ થાય છે''.

સાગર થકી, વલસાડ, કચ્છ, પોરબંદર હથિયારો, ડ્રગ્સનું વેચાણ તથા સમલીંગ જેવી બદીઓના કારણે બદનામ હતું. જેને નાથવા ગુજશી ટોકના કાયદાનો પણ જરૂર પડે અમલ કરી નાખ્યો છે.

બાકી હતુ તો મૌલાના મુકતી મહમંદ અઝહરી ઘણી બધી જગ્યાએ ચૌકકસ એક વિશાળ વર્ગને ટારગેંટ કરી અને દેશની શાંતિ હણાવતો પ્રયાસ કરતા રહેલા- ભારતમાં ઓછી સંખ્યામાં ભારત માતા બોલવાનો વાંધો હોઇ શકે. હવા –પાણી –ખોરાક ભારતના લેવા અને ફટાકડા બીજા દેશના ફોડવા તેવા કટ્ટરપંથીઓને ઉશ્કેરણી કરી આ ભાઇએ માહોલ બગાડવાનો પ્રયાસ કરેલ પણ એ ભૂલી ગયા હશે. આ ગુજરાત શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહમંત્રી અમિતભાઇ શાહનું છે. આ નામોનો વિચાર આવતા વ યાકીસ્તાન અને દુનિયામાં લુખ્ખાઓને પોષતા તત્વો અને દેશો ધ્રુજી જાય છે.

ભાઇએ ચાળો કર્યો ગુન્હો દાખલ થયો ગુજરાત પોલીસને અભિનંદન આપું છું હજારોના ટોળાને ઉશ્કેરી ઉભા રાખ્યા બનાવી કોટ જેવી દિવાલ બનાવી એને ભેંદીને મુકતી મહંમદ અઝહરીને આંગળી વેઢે ગણાય તેવા ચુનંદા પોલીસ અફસરો લઇને જુનાગઢ, કચ્છ મોડાસાની જમીનમાં કાયદાનું ભાન કરાવ્યું કોર્ટે પણ પાંચ દિવસના રિમાન્ડ આપ્યા.

હું અંતમાં કહીશ કે ભગવાન રામ અયોધ્યામાં-ભગવાન જગન્નાથ અમદાવાદમાં, ભગવાન કૃષ્ણ દ્વારકામાં ખુશ હશે કારણ એના રખેવાળ શ્રી નરેન્દ્રભાઇને ભગવાન ખુદે બનાવ્યા હોય તેવી અનુભૂતિ દેશ કરી રહયો છે.

‘‘સૌને મારા જયશ્રી રામ, જય જગન્નાથ ને જયશ્રી કૃષ્ણ ને જય ગુજરાત‘‘